Stanford University	**સંશોધનમાં સહભાગી થવાની સંમતિ** (Consent to Participate in Research) [Gujarati]	TEM-C-5guj

તમને એક સંશોધન અભ્યાસમાં ભાગ લેવા માટે કહેવામાં આવી રહ્યું છે. અભ્યાસનું શીર્ષક છે:

_____

_____

_____

_____

_____

અભ્યાસ માટેની મુખ્ય માહિતી તમને પૂરી પાડવામાં આવી રહી છે. તમે સહમત થાઓ તે પહેલાં, સંશોધકે તમને આ બાબતો વિષે જણાવવું જ જોઈએ કે (1) સંશોધનના હેતુઓ, પ્રક્રિયાઓ અને સમયગાળો; (2) કોઈ પણ પ્રક્રિયાઓ કે જે પ્રયોગાત્મક છે; (3) સંશોધનના કોઈ પણ તર્કજન્ય આગોતરા જોઈ શકાય તેવાં જોખમ, અસુવિધાઓ, અને લાભો; (4) કોઈપણ વિશેષ લાભકારક વૈકલ્પિક પ્રક્રિયાઓ અથવા સારવારો; (5) કેટલા પ્રમાણમાં ગોપનિયતા જાળવવામાં આવે છે; અને (6) તમારી માહિતી અથવા જૈવિક નમૂનાઓનો ભવિષ્યમાં ઉપયોગ.

જયાં પણ લાગુ પડતું હોય ત્યાં તમારાં સંશોધકે તમને આ વિષે પણ જણાવવું જોઈએ (1) જો ઈજા થાય છે તો કોઈ પણ ઉપલબ્ધ વળતર અથવા તબીબી સારવાર; (2) આગોતરા જોઈ શકાય તેવા જોખમોની સંભાવના; (3) એવાં સંજોગો કે જયારે સંશોધક તમારી ભાગીદારીને સ્થગિત કરે ;(4) તમને કોઈ ખર્ચ વધારી આપવામાં આવે; (5) જો તમે ભાગ લેવાનું બંધ કરી દેવાનો નિર્ણય કરો છો તો શું થશે (6) જયારે તમને નવા તારણો વિષે પૂછવામાં આવશે કે જે તમારી ભાગીદારી માટે તમારી તૈયારીને અસર પહોંચાડી શકે છે (7) અભ્યાસમાં કેટલા લોકો હશે (8) વેપારી હેતુને માટે તમારાં જૈવિક નમૂનાઓ નો ઉપયોગ (9) તમારાં સંશોધન અભ્યાસ વિષે શું તમને જણાવવામાં આવશે; (10) શું સંશોધનમાં સંપૂર્ણ જીનોમે સીકવન્સીંગનો સમાવેશ છે; અને (11) શું સંશોધનની માહિતીને કલીનીકલ ટ્રાયલ રજીસ્ટ્રીમાં સમાવેશ માટે સુપ્રત કરાયું છે કે કરાવવામાં આવશે.

જો તમે ભાગ લેવા માટે સહમત થાઓ છો તો શું તમને અ દસ્તાવેજની કોપી આપવામાં આવશે (જે પ્રમાણે હસ્તાક્ષર કરેલાની જરૂર છે તે પ્રમાણે) અને સંશોધનનો લેખિત અગ્રેજીમાં સારાંશ

જો તમને સંશોધન વિષે , તેની પ્રક્રિયાઓ, જોખમો અને લાભો, અથવા સારવારના વૈકલ્પિક કોર્ષ કોઈ પ્રશ્નો છે, ચિંતાઓ છે, અથવા ફરીયાદ છે તો તમારે ને પૂછવું જોઈએ

શિષ્ટાચાર નિયામક, _____

શું તમે હમણાં અથવા પછીથી તેમનો _____ ઉપર સંપર્ક કરી શકો છો

જો તમે આ અભ્યાસનું સંચાલન જે રીતે થઇ રહ્યું છે તેનાથી સંતુષ્ટ ન હો તો, કે પછી સંશોધન અથવા સંશોધન અભ્યાસના એક પાત્ર તરીકે તમારી કોઇ ચિંતાઓ, ફરિયાદો કે સામાન્ય પ્રશ્નો હોય, તો કૃપા કરી સ્ટેનફોર્ડ સંસ્થાકીય સમીક્ષા મંડળ [Stanford Institutional Review Board (IRB)]નો સંપર્ક કરી (650)-723-5244 પર સંશોધન ટીમમાં સામેલ ન હોય એવી કોઇ માહિતગાર વ્યક્તિ સાથે કે પછી 1-866-680-2906 પર નિઃશુલ્ક વાત કરો. તમે સ્ટાન્ડર્ડ આઇઆરબી, સ્ટેનડફોર્ડ યુનિવર્સિટી, 1705 *ઇઆઈ કઈમીનો રીયલ, પાળો અલ્ટો, સીએ 94306 ને પણ લખી શકો છો.*

સંશોધનમાં તમારી સહભાગિતા મરજીયાત છે, અને તમે ભાગ લેવાની ના પાડો કે સહભાગિતા બંધ કરવાનો નિર્ણય લો તો તમને કોઇ દંડ થશે નહીં કે કોઇ લાભ પણ તમે ગુમાવશો નહીં.

આ દસ્તાવેજ પર સહી કરવાનો અર્થ એ છે કે સંશોધન અભ્યાસનું, ઉપરોક્ત માહિતી સહિત, તમારી સમક્ષ મૌખિક વર્ણન કરવામાં આવ્યું છે, અને ભાગ લેવા માટે મરજીયાત સંમત થયા છો.

ભાગ લેનારનાં હસ્તાક્ષર/ કાયદાકીય અધિક પ્રતિનિધિ/ માતાપિતા(ઓ) અથવા વાલી(ઓ) *Signature of Participant/ Legally Authorized Parent(s) or Guardian(s)*	તારીખ *Date*	સાક્ષીની સહિ (દા.ત. કર્મચારી, દુભાષિયો, કુટુંબીજન) *Signature of witness (e.g., staff, interpreter, family member)*	તારીખ *Date*

પ્રયોગ હેઠળના પાત્ર માટે સૌથી મહત્વના અધિકારોની યાદી

(Experimental Subject's Bill of Rights)

સંશોધન સહભાગી તરીકે તમને નીચે જણાવેલા અધિકાર મળ્યા છે.

આ અધિકારોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે પણ અધિકારો માત્ર એટલા પૂરતા મર્યાદિત નથી:

- પ્રયોગના પ્રકાર અને હેતુથી માહિતગાર કરવામાં આવે;
- તબીબી પ્રયોગમાં થનાર શસ્ત્રક્રિયાઓ વિષે, અને ઉપયોગમાં લેવાનાર કોઇ પણ ઔષધ કે ઉપકરણ વિષે સ્પષ્ટતા કરવામાં આવે;
- કોઇ પણ સંબંધિત તકલીફો અને જેમની વાજબીપણે અપેક્ષા થઇ શકતી હોય એવા જોખમોનું વિવરણ આપવામાં આવે;
- પાત્રને જે મળવાની વાજબીપણે અપેક્ષા થઇ શકતી હોય એવા કોઇ પણ લાભ, જો લાગૂ પડતા હોય તો, તેમની સમજ આપવી;
- પાત્ર માટે લાભકારક હોય એવા કોઇ પણ કોઇ પણ યોગ્ય વિકલ્પો, ઔષધો કે ઉપકરણો, તેમના તુલનાત્મક જોખમો અને લાભોનો ખુલાસો આપવામાં આવે;
- જો જટિલતાઓ ઊભી થાય તો પ્રયોગ પછી પાત્ર માટેની તબીબી સારવારના માર્ગો, જો કોઇ ઉપલબ્ધ હોય તો, તેમનાથી માહિતગાર કરવામાં આવે;
- પ્રયોગ અથવા તેની સાથે સંકળાયેલી શસ્ત્રક્રિયાઓ વિષે પ્રશ્નો પૂછવાની તક આપવામાં આવે;
- તબીબી પ્રયોગમાં સહભાગી થવાની સંમતિ ગમે ત્યારે પાછી ખેંચી શકાય છે અને પાત્ર ભાગ લેવાનું કોઇ પ્રતિકૂળ અસર વિના ગમે ત્યારે બંધ કરી શકે છે એ આશયની સૂચના આપવામાં આવે;
- સહી કરેલા અને તારીખ નાખેલા સંમતિ પત્રકની એક નક્લ આપવામાં આવે; અને
- કોઇ તબીબી પ્રયોગમાં ભાગ લેવા માટે સંમત થવા કે સંમત ન થવાનો નિર્ણય લેવાની તક પાત્રના નિર્ણય પર કોઇ પણ જાતના જોર, છેતરપિંડી, છળ, દબાણ, બળજબરી કે બિનજરૂરી પ્રભાવના કોઇ તત્વ વિના લેવાની તક આપવામાં આવે.